# સંશોધન નિયામકશ્રીની કચેરી,
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

તાત્કાલિક / સમય મર્યાદા /સ્મૃતિપત્ર-૨

વિષયઃ "યુનિવર્સિટી ખાતે રૂા.૫.૦૦ લાખ કે તેથી વધુ કિંમતના જે સાધનો હાલમાં વપરાશ હેઠળ હોય તેનું છેલ્લા ત્રણ વર્ષનું વપરાશ રજીસ્ટર/લોગબુકની વિગતો" મોકલી આપવા બાબત.

સંદર્ભઃ (૧) સરકારશ્રીના પત્ર ક્રમાંકઃ ગકવ-૧૨૨૦૧૪-૨૬૨૨-ક.ર, તા. ૧૬-૦૧-૨૦૧૫ અને
(૨) સરકારશ્રીના પત્ર ક્રમાંકઃ ગકવ-૧૨૨૦૧૪-૨૬૨૩-ક.ર, તા. ૧૬-૦૧-૨૦૧૫
(૩) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/સંનિ/પી.૧/૧૪૯૨૦/૧૫, તા.૧૯-૦૧-૨૦૧૫
(૪) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/સંનિ/પી.૧/૧૫૦૯૯/૧૫, તા. ૨૭-૦૧-૨૦૧૫

## - પરિપત્ર -

અત્રેની કચેરીના સંદર્ભિત પત્ર-૩ તથા ૪થી આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને તેમની કચેરીમાં ઉપલબ્ધ રૂા. ૫.૦૦ લાખ કે તેથી વધુ કિંમતના તમામ સાધનોના છેલ્લા ત્રણ વર્ષના વપરાશ અંગે માહિતી "સાધનોના વપરાશ અંગેના રજીસ્ટર/લોગબુકના નિયત પ્રફોર્મા" માં તૈયાર કરી દિન-૫માં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવેલ હતું. તેમ છતાં, હજુ સુધી મોટાભાગની કચેરીની માહિતી આવેલ નથી. તેમજ જે કચેરીઓ દ્વારા માહિતિ મોકલવામાં આવેલ છે તે નિયત પ્રફોર્મામાં ન હોવાથી, સાધનવાર માહિતિ આ સાથે સામેલ સમરી પત્રકમાં મોકલી આપવા વિનંતી છે.

પ્રસ્તુત માહિતી ન મોકલવાના કારણે આગામી વર્ષ ૨૦૧૫-૧૬માં નવા સાધનોની સરકારશ્રી પાસેથી મંજૂરી અંગેની ઘટતી કાર્યવાહી થઇ શકેલ નથી. જેથી આ પરિપત્ર ધ્યાને લઇ, આપની કચેરીની પ્રસ્તુત માહિતી હાર્ડ તથા <u>સોફ્ટ કોપી ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં</u> planinganand@aau.in અને planinganand@yahoo.com પર વિના વિલંબે દિન-૫માં મોકલી આપવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, છેલ્લા ત્રણ વર્ષમાં સાધન વપરાશ અંગેના રજીસ્ટર/લોગબુકની ઝેરોક્ષ કોપી સહીત માહિતિ મોકલી આપવા વિનંતી છે.

જા.નં. આકૃયુ/સંનિ/પી.૧/ ૧૫૭૪૪-૯૪ /૧૫
તા. ૨૩/૦૧/૨૦૧૫

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ સવિનય રવાનાઃ</u>

(૧) સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ ઘટતી કાર્યવાહી સારૂ.
(૨) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા પ્રસ્તુત માહિતિ દિન-૨માં મોકલી આપવા સારૂ.

<u>નકલ રવાનાઃ</u>

માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

# સમરી પત્રક

કચેરીનું નામ :

યોજનાનું નામ :

બજેટ સદર :

| ક્રમ | સાધનનું નામ | સાધન ખરીદીનું વર્ષ | કિંમત (રૂા. લાખમાં) | છેલ્લા ત્રણ વર્ષમાં સાધન વપરાશ અંગેની વિગત | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | વર્ષ ૨૦૧૨-૧૩ | | | વર્ષ ૨૦૧૩-૧૪ | | | વર્ષ ૨૦૧૪-૧૫ (ડીસે.૨૦૧૪ સુધી) | | |
| | | | | દિવસ | કલાક | નમુનાની સંખ્યા | દિવસ | કલાક | નમુનાની સંખ્યા | દિવસ | કલાક | નમુનાની સંખ્યા |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |

યુનિટ વડાની સહી અને સીક્કો